# સંવેદનશીલ શાસનમાં માણસોની જ નહી, પ્રાણીની પણ ચિંતા : વનમંત્રી

## ઈન્દ્રોડા પ્રકૃતિ ઉધાનમાં આધુનિક પરંતુ આબેહુબ નૈસર્ગિક આવાસોના નિર્માણ પાછળ બે કરોડનો ખર્ચ કરાયો : બિડાલકુળના વન્યજીવ ઓપન ટુ સ્કાય પ્રકારના આધુનિક આવાસોમાં મુક્ત વિહરતા નિહાળી શકાશે

ગાંધીનગર, તા. ૨૪


ઈન્દ્રોડા પ્રકૃતિ ઉધાનમાં વન્યજીવો માટે નિર્માણ કરાયેલા ઓપન મોટના લોકાર્પણ પ્રસંગે વનમંત્રીએ જણાવ્યુંહતુંકેસંવેદનશીલ સરકાર માણસની સાથે પ્રાણીઓની આધુનિક આવાસો તૈયાર કરવામાં આવ્યા છે. જે આવાસોનું લોકાર્પણ આજરોજ વનમંત્રી ગણપતસિંહ વસાવાના હસ્તે કરાયું હતું. આ પ્રસંગે વન રાજયમંત્રી રમણભાઈ પાટકર પ્રાણીઓની પણ ચિંતા કરવામાં આવે છે. જેની ફલશ્રૃતિરૂપે આજે ગાંધીનગરના આંગણે રૂપિયા બે કરોડથી વધુના ખર્ચે વન્ય જીવ એવા સિંહ, વાઘ અને દિપડા માટે ઓપન મોટ પ્રકારના આવાસોનું સલામતી અને અનુકૂળતાઓને ધ્યાનમાં રાખી આ ''ઓપન મોટ'' પ્રકારના આવાસો તૈયાર કરાયા છે. જેમાં પથ્થર શિલાઓ, વૃક્ષ-વનસ્પતિઓ, કાષ્ઠ, ઘાસ-વાંસ સહિતના કુદરતી સંશાધનોનો ખાસ ગેલેરી તથા પથ બનાવી આ આવાસોની અંદર તથા બહાર ઘનિષ્ઠ વનિકરણ કરી કુદરતી ઓપ આપવામાં આવ્યો છે.

રાજયમાં ૬૭૪ જેટલા સિંહોની વસ્તી હોવાનું કહી મંત્રી થયો છે, તેવું કહી તેમણે લોકોમાં વૃક્ષારોપણ અંગે ખૂબ જ જાગૃત્તિ આવી છે, તેનો પણ આનંદ વ્યક્ત કર્યો હતો.

વન રાજયમંત્રી રમણભાઈ પાટકરે જણાવ્યું હતું કે રાજ્યના નિહાળી શકશે. જેનો લાભ ઉદ્યાનની મુલાકાતે આવનાર દેશ-વિદેશના પર્યટકો તથા ગાંધીનગરની પ્રકૃતિપ્રેમી જનતાને થશે.

ગીર ફાઉન્ડેશનના નિયામક યુ.ડી. સિંઘે જણાવ્યું હતુ કે વન





પણ ચિંતા કરે છે. સિંહ, વાઘ અને દિપડા માટે બે કરોડના ખર્ચે ઓપન મોટના આવાઓને આબેહૂબ નૈસર્ગિક બનાવાયા છે, પ્રકૃતિપ્રેમીઓ બિડાલકૂળના વન્યજીવોને મુક્ત વિહરતા નિહાળી શકશે.

ગીર ફાઉન્ડેશન દ્વારા ઈન્દ્રોડા પ્રકૃતિ ઉધાનના પ્રાણી સંગ્રહાયલ ખાતે સિંહ, વાઘ અને દીપડા માટે 'ઓપન મોટ' પ્રકારના ઉપસ્થિત રહ્યા હતા.

સિંહો ગુજરાત જ નહિ, સમગ્ર દેશનું ગૌરવ છે, તેવું કહી વનમંત્રી ગણપતિસિંહ વસાવાએ જણાવ્યું હતું કે તે પ્રકારે વાઘ અને દિપડા પણ આપણું ગૌરવ છે. સંવેદનશીલ મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીના શાસનમાં માણસોની ચિંતા સાથે સાથે સંવેદનાપૂર્વક વન્ય અને અન્ય નિર્માણ કરવામાં આવ્યું છે. તેમજ રાજય સરકારના કરૂણા અભિયાનની પણ વિસ્તૃત માહિતી આપી હતી.

રાજયના પાટનગરમાં વધુ એક જોવા લાયક સ્થળ અને લોક આકર્ષણનું કેન્દ્ર ઈન્દ્રોડા પાર્ક બનશે, તેવું કહી મંત્રીએ ઓપન મોટ અંગેની માહિતી આપતાં ઉમેર્યું હતું કે વન્યજીવોની સુરક્ષા, ઉપયોગ કરી આવાસોને આબેહૂબ નૈસર્ગિક બનાવાયા છે. આ આવાસોમાં મુખ્યત્વે વન્યજીવોને આરામ કરવાના ગઝેબો, પથ્થરની ગુફાઓ, પાણીના ઝરણા, નાના તળાવ, રેમ્પ અને સ્ટેજ પણ તૈયાર કરાયા છે. જેથી વન્યજીવોને પોતાના નૈસર્ગિક આવાસમાં જ રહેતા હોવાની અનુભૂતિ થાય. એટલુ જ નહિ મુલાકાતીઓ માટે ગણપતસિંહ વસાવાએ જણાવ્યું હતું કે રાજય સરકારના ક્લિન ગુજરાત, ગ્રીન ગુજરાત બનાવવાના સંકલ્પને સાકાર કરવા માટે વન વિભાગ દ્વારા રાજયમાં ૧૦ કરોડથી વધુ રોપાઓનું વિતરણ સામાજિક વનીકરણ અંતર્ગત કરવામાં આવ્યું છે. આજે રાજયમાં જંગલ વિસ્તાર સહિત રાજયમાં વૃક્ષોની સંખ્યામાં વધારો ગૌરવ સમા એશિયાઈ સિંહ, ભારતીય વાઘ તથા દીપડા જેવા બિડાલકુળના વન્યપ્રાણીઓ માટે ઈન્દ્રોડા પ્રકૃતિ ઉદ્યાન પ્રાણી સંગ્રહાલયમાં રાજયના વનવિભાગના સહયોગથી તાજેતરમાં વન્યજીવોના અદ્યતન આવાસોનું નવનિર્માણ કરવામાં આવ્યુ છે. આવાસોમાં મુલાકાતીઓ વન્યજીવોને કુદરતી અવસ્થામાં અને પર્યાવરણ વિભાગ હેઠળના 'ગીર' ફાઉન્ડેશન દ્વારા સંચાલિત આ પ્રાણી સંગ્રહાલયમાં સસ્તન, સરિસૃપ અને વિહંગ કુળના અલગ અલગ પ્રકારના વન્યપ્રાણીઓ-પક્ષીઓ રાખવામાં આવેલા છે. ઈન્દ્રોડા પ્રકૃતિ ઉદ્યાન તેના ડાયનાસોર અને ફોસીલ પાર્ક, અર્થ સેક્શનના કારણે પ્રવાસીઓ માટે આકર્ષણનું કેન્દ્ર છે.

## ખૂણેખાંચરેથી

- કુપોષણને લઈ આજે જિલ્લા કલેક્ટરશ્રીના અધ્યક્ષપદે મહિલા-બાળ વિકાસ વિભાગની બેઠક મળશે.
- રાજય હેલ્થ મિશનની એક્ઝીક્યુટીવ કમિટીની આજે બેઠક યોજાઈ હતી.
- નાયબ જિલ્લા વિકાસ અધિકારીએ આજે જિલ્લાના ચારેય ટી.ડી.ઓ. સાથે ૧૫મા નાણાંપંચને લઈ સમીક્ષા બેઠક યોજી હતી.
- આજે વેધર વોચ ગૃપની પણ મહત્વની બેઠક સ્ટેટ ઈમરજન્સી ઓપરેશન સેન્ટર ખાતે મળી હતી.
- ગાંધીનગર શહેર-જિલ્લામાં આજે કોરોનાનો એકેય કેસ નોંધાયો નથી.
- શહેરી વિકાસ વિભાગના અધિક મુખ્ય સચિવે બે શહેરી વિકાસ સત્તામંડળોની સમીક્ષા બેઠક યોજી હતી.
- રેડક્રોસ સોસાયટી દ્વારા નેત્રદાન જાગૃતિ પખવાડિયુ ૨૫-૮-૨૧ થી ઉજવવામાં આવશે.
- ગાંધીનગર શહેરમાં સ્ટ્રીટલાઈટો બંધ રહેવાની ફરિયાદો વધવા પામી છે.

## હરિની દ્રષ્ટિ...

- હરિન ભટ્ટ



સાહેબ, આને સમજાવો.. જ્યારથી સરકારે એસેટ-મોનેટાઈઝેશન ચાલુ કર્યું ત્યારથી ડરે છે કે... મારું ઘર પણ વેંચી દેશે...!!

# શિક્ષકની ગુણવત્તા હશે તો બાળકની ગુણવત્તા વધશે : ભૂપેન્દ્રસિંહ ચુડાસમા

## ગાંધીનગર સેકટર-૨૦ સરકારી પ્રાથમિક શાળા ખાતે આયોજિત શિક્ષક સજ્જતા સર્વેક્ષણ કેન્દ્રની મુલાકાત લેતા શિક્ષણ મંત્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમા

ગાંધીનગર, તા. ૨૪

શિક્ષકની ગુણવત્તા હશે તો બાળકની ગુણવત્તા વધશે, તેવું આજરોજ સેકટર- ૨૦ ખાતે યોજાયેલ શિક્ષક સજ્જતા સર્વેક્ષણમાં સહભાગી બની કસોટી- પરીક્ષા આપવા આવેલા શિક્ષકોને શુભકામનાઓ પાઠવવા માટે ઉપસ્થિત રહ્યા હતા.

તેમણે શિક્ષકો સાથે વાતચીત પ્રકારના સર્વેક્ષણ કામમાં આવે છે. તેમજ આવનાર પરિવર્તન માટે આપણને સજ્જ કરે છે.

તેમણે સર્વે ઉપસ્થિત શિક્ષકોને શુભેચ્છાઓ પાઠવતા



સર્વેક્ષણમાં સહભાગી થવા આવેલા શિક્ષકોને રાજયના શિક્ષણ મંત્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમાએ જણાવ્યું હતું. તેમણે સર્વે શિક્ષકોને સર્વેક્ષણ મરિજીયાત હોવા છતાં ૩૪ માંથી ૩૨ શિક્ષકો આ સર્વેક્ષણમાં સહભાગી થતા સર્વેને અભિનંદન આપ્યા હતા.

આજે સમગ્ર રાજયમાં શિક્ષક સજ્જતાનું રાજયવ્યાપી સર્વેક્ષણ યોજાયું હતું. જે અંતર્ગત રાજયના શિક્ષણ મંત્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમાએ ગાંધીનગરના સેકટર-૨૦માં આવેલી સરકારી પ્રાથમિક શાળામાં સર્વેક્ષણ ફરજિયાત ન હોવા છતાં આ કરતાં જણાવ્યું હતું કે તમામ વ્યક્તિઓએ જીવનભર પોતાના ક્ષેત્રમાં શીખતા રહેવું જોઈએ. આ પ્રકારના સર્વેક્ષણ થકી જ આપણામાં રહેલી નાની-મોટી ત્રુટિઓ દુર થાય છે. તેમજ આપણા જ્ઞાનમાં વધારો થાય છે.

આ શિક્ષકોની કસોટી-પરીક્ષા નથી, તેવું કહી ઉમેર્યું હતું કે આ સર્વેક્ષણની નોંધ કોઈ પણ શિક્ષકની સર્વિસબુક કે કેરિયરમાં લેવાશે નહિ. જેમ જીવનમાં એક જ પ્રકારનો ખોરાક અને ફેશન કાયમી રહેતા નથી, તેમ પોતાના ક્ષેત્રમાં આવતા પરિવર્તનને જાણવા અને પોતાના જ્ઞાનમાં ઉમેરો કરવા માટે આ જણાવ્યું હતું કે વિશ્વકક્ષાએ ગુણવત્તાયુક્ત શિક્ષણની ચિંતા કરવામાં આવે છે. જેમ ગુજરાતે શિક્ષક સમુદાયના સક્રિય સહયોગ-યોગદાનથી શાળા પ્રવેશોત્સવ, ગુણોત્સવ-કમાન્ડ એન્ડ કંટ્રોલ સેન્ટર જેવી દેશભરમાં સફળ પહેલ કરી છે, હવે શિક્ષક સજ્જતા સર્વેક્ષણમાં પણ ગુજરાત લીડ લેશે, તેવો આત્મવિશ્વાસ પણ વ્યક્ત કર્યો હતો. ઉપસ્થિત સર્વે શિક્ષકોને આ સર્વેક્ષણમાં સહભાગી થવા બદલ અભિનંદન પાઠવી સહભાગી ન બનેલા તમામ શિક્ષક મિત્રોને સહભાગી બનવા માટે પણ અનુરોધ કર્યો હતો.



બ્રહ્માકુમારી, સેક્ટર-૨૮ દ્વારા રક્ષાબંધન કાર્યક્રમનું ઉત્સાહસભર વાતાવરણમાં આયોજન કરવામાં આવ્યુ હતુ. બ્રહ્માકુમારીઝ ગાંધીનગરના સંચાલિકા બી.કે. કૈલાશદીદીએ મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીને રાખડી બાંધી બ્લેસિંગ કાર્ડ આપ્યુ હતુ. આ અવસરે બી.કે. તારાબેન, બી.કે. રંજનબેન, બી.કે. કૃપલબેન, બી.કે. મીરાબેન તથા બી.કે. ભરતભાઈ ઉપસ્થિત રહ્યા હતા.

# મહાદેવ દેસાઈ ગ્રામસેવા સંકુલ દ્વારા જાગૃતિ અભિયાન હાથ ધરાયું

ગૂજરાત વિદ્યાપીઠ અમદાવાદ સંચાલિત મહાદેવ દેસાઈ ગ્રામસેવા સંકુલ સાદરા આરોગ્ય કેન્દ્ર અને રાષ્ટ્રીય સેવા યોજના એકમ દ્વારા શરૂઆત ડૉ. મોતી દેવુંએ કાર્યક્રમની રૂપરેખા આપીને કરી હતી. ડૉ. નયનેશભાઈ વસાવાએ કોવિડ-૧૯ સંદર્ભે માર્ગદર્શન આપ્યુ હતુ. કાર્યક્રમ



આયોજિત કોવિડ-૧૯ સંદર્ભે તાલીમ કાર્યક્રમ યોજાયો હતો. રમેશભાઈ પટેલના માર્ગદર્શન હેઠળ થયુ હતુ. સંચાલન ડૉ. મોતી દેવુએ કર્યુહતુ.

# ઘરના મોભીને પરિવારના ત્રણ સભ્યોએ માર માર્યો

ગાંધીનગર, તા. ૨૪

ગાંધીનગર શહેરને અડીને આવેલા ન્યુ વાવોલમાં સંપ્રત રોહાઉસમાં ઘરના મોભી પર પરિવારના ત્રણ સભ્યોએ ગાળાગાળી કરી ગડદાપાટુનો માર માર્યો હતો. આ મારામારી દરમ્યાન સોસાયટીના રહીસો આવી જતાં ઘરના મોભીને વધુ મારમાંથી છોડાવ્યો હતો અને ગાંધીનગર સિવિલમાં સારવાર માટે લઈ ગયા હતા.

કડી તાલુકાના કોરડા ગામે અને હાલ વાવોલ સંપ્રત રોહાઉસ ખાતે રહેતા અમરતભાઈ સોમાભાઈ સોમેશ્વર પરિવાર સાથે રહે છે. તેમના પરિવારમાં પત્નિ રતનબેન, દિકરી તથા દિકરો મેહુલ રહે છે. જ્યારે અમરતભાઈ મહેસાણા બીએસએનએલ વિભાગમાં આસી. સુપ્રિ. તરીકે ફરજ બજાવતા હતા. તેઓ વર્ષ-૨૦૧૮માં સ્વૈચ્છિક નિવૃત્તિ લીધી છે. જ્યારે તેમનો નાનો દિકરો સરઢવ ખાતે અલગ રહે છે. ફરીયાદીને ઘરે મનમેળ ન હોવાથી છેલ્લા પાંચ માસથી વતન કોરડા ખાતે રહે છે. ગતરોજ સાંજના સુમારે અમરતભાઈ કોરડાથી સોસાયટીના કામ અર્થે વાવોલ આવ્યા હતા. આ દરમ્યાન તેમના પત્નિ રતનબેન શુ કામ અહિં આવ્યા છો, અહિંયા આવવાનું નહિ, આ ઘર અમારૂ છે તેમ કહી રતનબેન અને બન્ને દિકરાઓએ અમરતભાઈ સાથે ગાળાગાળી કરી ઝઘડો કર્યો હતો. ઝઘડાએ ઉગ્ર સ્વરૂપ ધારણ કરતાં પરિવારના ત્રણ સભ્યોએ ગડદાપાટુનો માર અને નાના દિકરાએ હાથમાં રહેલ લાકડાનું દંડીકુ બરડામાં માર્યુ હતુ. આ સમયે સોસાયટીના વસાહતીઓ આવી જતાં વધુ મારમાંથી બચાવ્યા હતા. ત્રણે જણા જતાં જતાં હવે પછી ઘરે આવશો તો તમને જાનથી મારી નાખીશુ એવા શબ્દો ઉચ્ચાર્યા હતા. અમરતભાઈને સારવાર અર્થે ગાંધીનગર સિવિલ ખસેડ્યા હતા. બનાવ અંગે સેક્ટર-૭ પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.


# નાકમાં ફસાયેલ બટન સેલને સફળ સર્જરી દ્વારા કાઢવામાં મહિલા તબીબને સફળતા

## જાણીતા યુવા ઈએનટી સર્જન ડો. દેવી ગજ્જરે જહેમત બાદ સફળ સર્જરી કરી બાળકનો જીવ બચાવ્યો

ગાંધીનગર, તા. ૨૪

એલઈડી રાખડીનું નાનકડુ બટન સેલ નાકમાં નાંખી દેનાર ત્રણ વર્ષના બાળકની જોખમી સર્જરી કરી ગાંધીનગરના તબીબે ન માત્ર તેને તકલીફમાંથી ઉગાર્યો છે પણ તેનો જીવ પણ બચાવ્યો છે. રક્ષાબંધન પર્વની રાત્રે આ જોખમી ઓપરેશન પાર પાડવામાં આવ્યુ છે.

રક્ષાબંધન પર્વે જાતભાતની રાખડીઓ બજારમાં ઉપલબ્ધ હોય છે. બાળકો માટે તો અવનવી રાખડીઓ મળે છે. કાર્ટુન કેરેક્ટરથી લઈને રંગબેરંગી એલઈડી લાઈટવાળી રાખડીઓ બાળકોને આકર્ષે છે. પરંતુ આ રાખડીઓ ક્યારેક જોખમી પણ પુરવાર થઈ શકે છે તેવો કિસ્સો ગાંધીનગરમાં નોંધાયો છે. ગાંધીનગરના સેક્ટરમાં રહેતા ત્રણ વર્ષના જોડીયા ભાઈ-બહેનોએ રક્ષાબંધન પર્વની ખૂબ જ ઉલ્લાસપૂર્ણ વાતાવરણમાં ઉજવણી કરી હતી. બાળકોને મનગમતી એલઈડી લાઈટવાળી રાખડી માતા-પિતા લઈ આવ્યા હતા. એલઈડીવાળી રાખડી બાંધીને ફરતા ભાઈએ રમતા રમતા અચાનક જ તેનો બટન સેલ નાકમાં નાંખી દીધો હતો. નાકમાં દુઃખાવો થતાં તેને સ્થાનિક ડોક્ટર પાસે અને પછી સિવિલ હોસ્પિટલ લઈ જવાયો હતો. એક્સરેના રીપોર્ટમાં નાકમાં આ સેલ ખૂબ જ ખરાબ રીતે ફસાઈ ગયુ હોવાનું જાણવા મળ્યુ હતુ. પરંતુ સિવિલમાં ઓપરેશન સવારે કરવામાં આવશે તેવુ કહેતા બાળકના માતા-પિતાએ રાત્રે બાર વાગ્યે તેને હાઈટેક હોસ્પિટલ લઈ આવ્યા હતા. અહીંના ઈએનટી સર્જન ડૉ. દેવી ગજ્જરે બાળકને તપાસતા બટન સેલ નાકની ખૂબ જ કેટલીક જગ્યાએ ફસાયેલો જોવા મળ્યો હતો. ડૉ. દેવી ગજ્જર કહે છે કે આ બટન સેલ ખૂબ જ હાનીકારક હોય છે. વધુ સમય જો તે નાકમાં રહે તો ખૂબ નુકશાન કરે છે. જો તે ગળામાં જાય અને ત્યાં બ્લાસ્ટ થાય તો દર્દીનું મૃત્યુ પણ થઈ શકે છે. આવી જોખમી સ્થિતિ તાત્કાલિક



બટનસેલ કાઢવાની જરૂરીયાત ઉભી થઈ હતી. બાળકના નાકમાંથી લોહી પણ સતત વહી રહ્યુ હતુ. બાળકને તાત્કાલિક બેભાન કરી તેની સર્જરી કરવામાં આવી હતી. બાળકની સફળ સર્જરી કરી આખરે તેને પીડામાંથી મુક્તિ અપાઈ હતી. હાલમાં બાળક સ્વસ્થ છે અને ભયમુક્ત છે.



શિક્ષણ ગુણવત્તા સુધારણા અને શિક્ષકોને સમયાનુકૂલ પરિવર્તન- ફેરફારો સામે સજ્જ કરવાના ઉમદા આશયથી આજે સમગ્ર રાજયમાં શિક્ષક સજ્જતા સર્વેક્ષણ યોજાયું હતું. ગાંધીનગર નજીક આવેલા સાદરા ગામની શાળા ખાતે યોજાયેલ શિક્ષણ સજ્જતા સર્વેક્ષણ કેન્દ્રની મુલાકાત આજરોજ શિક્ષણ રાજયમંત્રી વિભાવરીબેન દવે લીધી હતી. તેમણે આ સર્વેક્ષણમાં સર્વે ઉપસ્થિત શિક્ષકોને શુભેચ્છાઓ પાઠવી હતી. આ કસોટી તેમના કાર્યક્ષેત્રમાં અને તેમના જ્ઞાનની ચકાસણીમાં કેવી રીતે ઉપયોગી થશે. તેમજ તેમના રહેલી નાની મોટી ત્રુટિ કેવી રીતે આ સર્વેક્ષણથી દૂર થાય છે. તેની વિસ્તૃત વાત કરી હતી. સાદરા ખાતે યોજાયેલ સર્વેક્ષણ કેન્દ્ર ખાતે ૫૮ માંથી ૪૧ શિક્ષકો સર્વેક્ષણમાં ઉત્સાહભેર ઉપસ્થિત રહ્યા હતા.

# પશુપાલનની વિવિધ યોજનાઓ અંગે ઓનલાઈન ડ્રો યોજવામાં આવ્યો

ગાંધીનગર જિલ્લામાં ગ્રામ્ય દૂધ ઉત્પાદક સહકારી મંડળીઓ માટે દૂધઘર બનાવવા તેમજ ગોડાઉન બનાવવા માટેની ૮ જેટલી અરજીઓ આજે મંજૂર કરવામાં આવી છે. જિલ્લા વિકાસ અધિકારી સુરભિ ગૌત્તમના અધ્યક્ષપદે આજે પશુપાલન ખાતાની વ્યક્તીલક્ષી યોજનાઓનો ઓનલાઈન ડ્રો યોજાયો હતો જેમાં આ મંજૂરી આપવામાં આવી છે.

નારદીપુર, બાપુપુરા, બાલવા, પ્રાંતિયા અને વડવાસાની ગ્રામ્ય દૂધ ઉત્પાદક સહકારી મંડળીઓને દૂધઘર બનાવવા માટે રૂ. પાંચ-પાંચ લાખની સહાય આપવામાં આવશે. જ્યારે નારદીપુર, બાપુપુરા અને વડવાસા ખાતે દૂધ ઉત્પાદક સહકારી મંડળીઓને ગોડાઉન બનાવવા માટે પણ રૂ. પાંચ-પાંચ લાખની સહાય આપવામાં આવશે. જિલ્લા પશુપાલન શાખા દ્વારા આજે યોજાયેલ ઓનલાઈન ડ્રો માં સાત જેટલી યોજનાના લાભાર્થીઓ માટે ડ્રો યોજવામાં આવ્યો હતો. કૃત્રિમ બીજદાનથી જન્મેલ વાછરડાઓના પશુપાલકો માટે પ્રોત્સાહક યોજના અંતર્ગત ૧૪૭ લાભાર્થીઓની, પશુપાલકોને પાવર ડ્રીવન ચાફકટર ખરીદી પર સહાય માટે ૬૨, બકરા એકમ માટે ૮ તેમજ અનિ. જાતિના પશુપાલકોને પાવર ડ્રીવન ચાફકટર ખરીદી કરવા ૨ લાભાર્થી તેમજ અનુ. જાતિના પશુપાલકોને બકરા એકમની ખરીદી માટે ૨ લાભાર્થીઓની પસંદગી કરવામાં આવી હતી.

**જીલ્લા જળ અને સ્વચ્છતા યુનિટ (વાસ્મો)**

WASMO

બીજે માળ ગુજરાત પાણી પુરવઠા બોર્ડ જલભવન RTO સામે, પાલાવાસણા હાઈવે મહેસાણા ૩૮૪૦૦૨ ફોન નં ૨૨૫૬૭૭

**ઈ-ટેન્ડરીગ જાહેર નિવિદા નં-૬ સને ૨૦૨૧-૨૨**

(ટેન્ડર આઈ.ડી. નં :- ૪૭૮૬૫૪ (બીજો પ્રયત્ન) ૪૭૮૬૫૬ (બીજો પ્રયત્ન) ૪૭૮૬૫૯ (બીજો પ્રયત્ન) ૪૭૮૬૬૧ (બીજો પ્રયત્ન) ૪૭૮૬૬૨ & ૪૭૮૬૬૬ (બીજો પ્રયત્ન))

યુનિટ મેનેજરશ્રી વાસ્મો મહેસાણા દ્વારા જલ જીવન મીશન અંતર્ગત નલ સે જલ કાર્યક્રમ હેઠળ આજોલ (બીજો પ્રયત્ન) મેડાઆદરજ (બીજો પ્રયત્ન) નાનીવાડા (બીજો પ્રયત્ન) બાબીપુરા (બીજો પ્રયત્ન) નવાસંઘપુર અને કંકુપુરા (બીજો પ્રયત્ન) ગામોની મંજુર થયેલ યોજનાના ઘટકો ઉંચી ટાંકી, સંપ, વિતરણ પાઈપલાઈન, પંપરૂમ, મશીનરી, અવેડો, વાલ્વ સીસ્ટમ અને ભીંતસુત્રોની કામગીરી માટે અનુક્રમે કુલ અંદાજીત કિંમત રૂ. ૧૫.૦૧ લાખ, ૦૫.૬૫ લાખ, ૧૬.૯૪ લાખ, ૧૯.૬૫ લાખ, ૨૮.૮૫ લાખ & ૨૨.૪૪ લાખ માટે ૬-૧ કે તેથી વધુની શ્રેણીમાં નોંધાયેલ ઠેકેદારો પાસેથી ઈટેન્ડરીંગથી ગામની પાણી સમિતિ વતીથી ભાવો મંગાવવામાં આવે છે. કામ માટે ઠેકેદારશ્રીએ ટેન્ડરમાં માંગ્યા મુજબની વિગતો આપવાની રહેશે, પ્રીક્વોલીફાઈડ એજન્સીઓના પ્રાઈજ બીડ ખોલવામાં આવશે ૬૬૧ના નિયમો લાગુ પડશે ઓનલાઈન ટેન્ડર ભરવાની છેલ્લી તા : ૧૩/૦૯/૨૦૨૧ ૧૮:૦૦ કલાક સુધી & ડોક્યુમેન્ટ તા : ૧૩/૦૯/૨૦૨૧ને ૧૮:૦૦ કલાક સુધી રજુ કરવાના રહેશે. ટેન્ડરોની વિગતો વેબસાઈડ www.nprocure.com ઉપરથી મળશે. કામો માટે પાણી સમિતિ સાથે કરારખત કરવાનું રહેશે અને કામોનું ચુકવણું પાણી સમિતિ કરશે. ભાવો મંજુર કરવા કે કેમ ? તે અંગેનો આખરી નિર્ણય વાસ્મોનો અબાધિત રહેશે. વધુ માહિતી માટે ઓફિસે કામના દિવસોએ રૂબરૂ મેળવી શકાશે.

**પીવાના પાણી સંબધિત ફરીયાદ માટે ૨૪૮૭ ટોલ ફ્રી નં - ૧૯૧૬ ઉપર સંપર્ક કરવો.**

ક્રમાંક : નામાનિ/મહે/૧૯૫/૨૦૨૧/૨૨

**ટચુકડી જાહેર ખબર દર રવિવારે**

ગાંધીનગર સમાચાર
ફોન : ૨૩૨૨૨૫૭૧,
ફેક્સ : ૨૩૨૩૦૫૭૧